# <u>સોગંદનામું</u>

**સરકારી માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી માટે કરવામાં આવતી અરજી સબંધિત**

## <u>સાચા પ્રમાણપત્રો અને યોગ્ય માહિતી અંગેની સોગંદ ઉપરની બાંહેધરી</u>

1) હું ________________________ જન્મ તા. ________ રહેવાસી ________________ તે આથી મારા ધર્મના સોગંધ ઉપર ગંભીરતા પુર્વક બાંહેધરી આપુ છું કે,
2) હું સોગંદનામુ કરનાર બાહેંધરી આપુ છું કે, મારી અરજીમાં બીડાણ કરેલ તમામ પ્રમાણપત્રો (શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આવકના પ્રમાણપત્રો, જાતિના પ્રમાણપત્રો, વિગેરે સામેલ રાખેલા) સાચા અને ખરા છે. અને ઓન લાઇન અરજી કરતી વખતે તેના આધારે આપેલ માહિતી સાચી અને ખરી છે.
3) હું સોગંદનામુ કરનાર બાહેંધરી આપુ છું કે, સરકાર દ્વારા અમાન્ય કરવામાં આવેલ શૈક્ષણિક સંસ્થા કે યુનિવર્સિટીઓના કોઇ પણ પ્રમાણપત્રો ધરાવતાં નથી તેમજ પ્રમાણપત્ર મળ્યા બાદ તે સંસ્થા ગેરલાયક ઠરેલ નથી.
4) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, સત્તાધિશ દ્વારા જ્યારે પણ અસલ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે અસલ પ્રમાણપત્રો રજુ કરવા હું બંધાયેલ છું.
5) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારી અરજી સમયે અથવા તો નિમણુંક પહેલા કે નિમણુંક બાદ કોઇ પણ સમયે મારા દ્વારા રજુ કરવામાં આવેલ માહિતી કે અરજી સાથે રજુ કરેલ તમામ પ્રમાણપત્રો પૈકી કોઇ પણ પ્રમાણપત્રો સરકાર દ્વારા અમાન્ય કરવામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ કે યુનિવર્સિટીના અગર તો બનાવટી જણાય તો તે જ સમયે મારી નિમણુંક આપોઆપ
રદબાદલ થશે.
6) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારી નિમણુંક બાદ મારા દ્વારા આપવામાં આવેલ માહિતી કે પ્રમાણપત્રો જે તે સમયે ખોટા અથવા અમાન્ય જણાય આવતાં તે જ સમયે મારી નિમણુંક અમાન્ય ઠરશે અને સરકારશ્રી પાસેથી મેળવેલ તમામ પગાર અને ભથ્થાઓ, જેવા કે, ટી.એ./ડી.એ, કે અન્ય કોઇ નાણાકીય લાભો વાર્ષિક 12% ના વ્યાજ સાથે સરકારશ્રીની તિજોરીમાં પરત જમા કરાવીશ.
7) હું સોગંદ ઉપર બાંહેધરી આપુ છું કે, મારી નિમણુંક બાદ વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલી શૈક્ષણિક તાલીમો લેવા તેમજ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા હું બંધાયેલ છું.
8) હું સોગંદ ઉપર બાંહેધરી આપુ છું કે, મારી અરજી સમયેના જિલ્લો પસંદગી કરેલ હોવા છતાં તે સિવાય અન્ય કોઇપણ જિલ્લામાં સમયાંતરે જે તે જિલ્લાઓની સરકારી શાળાઓમાં શિક્ષકોની જરૂરીયાતને આધારે નિમણુંક /ફેરબદલી માટે હું બંધાયેલ છું. અને આ અંગે મારી હર હંમેશા સંમતિ રહેશે.
9) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારા વિરૂધ્ધ ભારતની કોઇ પણ અદાલતમાં હાલ કોઇ પણ ફોજદારી કાર્યવાહી પડતર નથી. તેમજ ભારતની કોઇ પણ અદાલત દ્વારા મને The Protection of Children from Sexual Offences (POSCO) Act, 2012 & Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 હેઠળનાં ગુનામાં દોષિત ઠરાવવામાં આવેલ નથી.
10) હું સોગંદનામુ કરનાર આથી બાંહેધરી આપુ છું કે, મારી નિમણૂંક બાદ હું એવું કોઇ પણ વર્તન કે ગેરશિસ્ત નહિ આચરું કે જે નૈતિક રીતે ખોટું અથવા તો નૈતિક રીતે અધઃપતન ગણાય. જો આમાંથી કાંઇ પણ ખોટું જણાય તો મને મારી ફરજમાંથી બરતરફ કરવામાં આવશે. જે અંગેની સંપૂર્ણ જવાબદારી મારી પોતાની રહેશે.

હાલનું સોગંદનામુ તા.___/___/___ના રોજ __________ મુકામે કરવામાં આવેલ છે.

________________

(સોગંદનામુ કરનાર)